ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0

# ગાંધીનગરમાં વધુ બે કેસ : કુલ ૧૩

## ૧ મહિલા અને ૧ પુરૂષ દર્દીના રિપોર્ટ પોઝીટીવ આવ્યા : ગાંધીનગર સિવિલમાંથી બે દર્દીઓ કોરોના મુક્ત થતાં તેમને હોસ્પિટલમાંથી રજા અપાઈ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લામાં કોરોના પોઝીટીવના વધુ બે કેસ સામે આવતાં આરોગ્યતંત્રએ આંચકો અનુભવ્યો છે. ગાંધીનગર જિલ્લાના માણસા નજીકના લોદરા ખાતે આ બન્ને દર્દીઓ ફેસીલીટી ક્વોરોન્ટાઈન હેઠળ હોવાનું જાણવા મળેલ છે.

આજે સવારે આ બન્ને દર્દીઓના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે. જેમાં એક મહિલા દર્દી અને એક પુરૂષ દર્દી છે. આ બન્ને દર્દીઓ ઉમંગ પટેલના સંક્રમણથી નોંધાયા હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર જિલ્લામાં આ સાથે કોરોના પોઝીટીવના દર્દીઓની સંખ્યા ૧૩ પર પહોંચી છે. મળતી વિગતો પ્રમાણે જે પુરૂષ દર્દી છે તે ઉંમગના પરિવારનો છે અને તેની માતાને આજે પોઝીટીવ લક્ષણો જણાતાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ કરવામાં આવ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર




## ગાંધીનગરના કોરોના સંક્રમિત દર્દીઓ...

૧. ઉમંગ પટેલ (સેક્ટર-૨૯)
(હાલ જી.એમ.ઈ.આર.એસ મેડિકલ કોલેજ જનરલ હોસ્પિટલ અમદાવાદ ખાતે એડમિટ છે...)
૨. જશવંતભાઈ પટેલ (સેક્ટર-૨૯)
૩. ચંદ્રિકાબેન પટેલ (સેક્ટર-૨૩)
૪. પિનલબેન પટેલ (સેક્ટર-૨૯)
૫. ઈચ્છાબેન પટેલ (સેક્ટર-૨૯)
૬. શારદાબેન પટેલ (સેક્ટર-૨૩)
૭. અલ્પેશ ભાઈ વાઘેલા, (વિજાપુર)
૮. સાંકળચંદ પટેલ, (સેક્ટર-૨૯)
૯. ડો. દીક્ષિત પટેલ, (બાલાજી વિહાર, પેથાપુર)
૧૦. અશોકભાઈ પટેલ (સેક્ટર-૨૩)
૧૧. કોસ્તુમ જયવંત બારગોડ (નહેરુ ચોકડી, દહેગામ)
૧૨. તીર્થ પટેલ (રંગ રોયલ હોટેલ, લોદરા અને સે.૨૯ )
૧૩. અંજના પટેલ (રંગ રોયલ હોટેલ, લોદરા અને સેક્ટર-૨૯)

## સરકારે કહ્યુ ગાંધીનગરમાં ૩ને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા

**જિલ્લાતંત્રએ કહ્યુ બે દર્દી ડિસ્ચાર્જ કરાયા છે : બે મહિલા દર્દીઓ છે**

ગાંધીનગર, તા. ૪

રાજ્ય સરકારના અગ્ર સચિવ જયંતિ રવિએ આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી ૩ દર્દીને રજા આપવામાં આવી હોવાની જાહેરાત સવારની પત્રકાર પરિષદમાં કરી હતી.

જ્યારે આ પછી જિલ્લાતંત્રએ હોસ્પિટલમાંથી બે મહિલા દર્દીઓને રજા આપવામાં આવી હોવાની ઘોષણા કરી હતી. જો કે હોસ્પિટલમાંથી રજા મેળવેલ બન્ને મહિલા દર્દીઓનો વિડીયો પણ સોશિયલ મેડિયામાં વાઈરલ થયો હતો.

## સિવિલ હોસ્પિટલમાંથી કોરોનાનો શંકાસ્પદ દર્દી ગુમ થતાં ચકચાર

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના લિહોડા ખાતે અમદાવાદથી આવેલ કોરોનાનો એક શંકાસ્પદ દર્દી ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી ગુમ થયાની વાતે ચકચાર જગાવી છે.

આ અંગે મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર જિલ્લાના લિહોડા ખાતે અમદાવાદના સરસપુર વિસ્તારમાં આવ્યો હતો. ત્યાં તેને તબીબો દ્વારા તપાસી ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના લીહોડા ગામ ખાતે તા.૩ એપ્રિલ, ૨૦૨૦ના રોજ સાંજના ૭.૩૦ કલાકે શરદી, ખાંસી અને શ્વાસ લેવામાં તકલીફ હોય તેવી વ્યક્તિ સરસપુર અમદાવાદથી લીહોડા મુકામે આવ્યો હતો. જે શરૂઆતમાં સામૂહિક આરોગ્ય કેન્દ્ર રખિયાલ ખાતે બતાવવા ગયેલ જયાં હાજર આર્થો ડૉકટર દ્વારા દર્દીને તપાસવામાં આવ્યો હતો. અને બારોબાર ૧૦૮ માં જ ગાંધીનગર સિવિલ ખાતે મોકલી આપવામાં આવ્યો હતો. પરંતુ તા. ૦૩-૦૪-૨૦૨૦ના રોજ જ સિવિલ હોસ્પિટલ ખાતે અમુક તપાસ કરાવી કોઈને જાણ કર્યા સિવાય છુપાતો છુપાતો તેના નિવાસસ્થાન અમદાવાદ સરસપુર ખાતે ચાલી ગયો છે.

જેથી આજે લીહોડા ગામ ખાતે કુલ આરોગ્યની ૮ ટીમ દ્વારા સઘન સર્વેલન્સ હાથ ધરવામાં આવ્યું છે. ૧૩૧ ઘરોની ૭૫૩ વ્યક્તિઓનું સ્કીનીંગ કરવામાં આવ્યું છે. જેમાં શરદી, ખાંસી અને શ્વાસ લેવામાં તકલીફ હોય તેવી એક પણ વ્યકિત જોવા મળેલ નથી. સરસપુર, અમદાવાદ ખાતેના વ્યક્તિઓના સંપર્કમાં આવેલા ચાર વ્યક્તિઓને હોમ કવોરન્ટાઈન કરવામાં આવ્યા છે. તેઓના ઘરની બહાર લાલ સાવધાન બોર્ડ લગાવી દઈ ખાસ સૂચના આપી દેવામાં આવી છે.

## લોદરા ખાતેની હોટલ રંગ રોયલને સીલ કરાઇ

**ત્યાં ફેસીલીટી કવોરન્ટાઇનમાં રખાયેલા બન્ને વ્યક્તિના રીપોર્ટ પોઝિટીવ આવતા ગાંધીનગર સિવિલના આઇસોલેશનમાં ખસેડાયા**

ફેસીલીટી કવોરન્ટાઈનમાં તેમની વિનંતીથી લોદરા ખાતેની હોટલ રંગ રોયલમાં રાખવામાં આવેલા બન્ને વ્યક્તિઓના કોરોના ટેસ્ટ પોઝીટીવ આવતાં તેઓને ગાંધીનગર સિવિલ ખાતે આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. હોટલ રંગરોયલને સીલ કરી દેવામાં આવી છે. તેમજ દહેગામ તાલુકાના લીહોડા ગામમાં કુલ- ૮ ટીમ દ્વારા સઘન સર્વેલન્સ હાથ ધર્યું છે, તેવું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડાઁ મુનભાઈ સોંલકીએ જણાવ્યું છે.

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી મનુભાઈ સોલંકીએ વધુમાં જણાવ્યું છે કે, ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના ઉમંગ પટેલના બે સગા કે જેઓ ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારના રહેવાસી છે. જેમને ફેસેલીટી કવોરન્ટાઈનમાં તેમની વિનંતીથી લોદરા ખાતેની હોટલ રંગ રોયલમાં રાખવામાં આવ્યા હતા. તે બન્ને કોરોનાના રિપોર્ટ પોઝિટીવ આવતા જ તેમને ગાંધીનગર સિવિલ હોસ્પિટલના આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે. તેમના સંપર્કમાં આવેલા હોટલના ૪ વર્કરોને ગવર્નમેન્ટ ફેસીલીટી સ્ટાફ ટ્રેનિગ કોલેજ ખાતે કવોરન્ટાઈન કરવામાં આવ્યા છે.

## સંક્રમણને વધતુ અટકાવવા ઝોનકક્ષાની કોવિડ હોસ્પિટલમાં જ દર્દીઓ દાખલ કરાશે : જયંતિ રવિ

**ગાંધીનગર સિવિલ સહિત જેટલા દર્દીઓ જે હોસ્પિટલમાં સારવાર હેઠળ છે તે ત્યાં જ રહેશે**

ગાંધીનગર, તા. ૪

કોરોના સંક્રમણને વધતુ અટકાવવા માટે હવે દર્દીઓને રિજીયોન ક્ષેત્રમાં નિર્માણ કરાયેલ કોવિડ હોસ્પિટલોમાં જ દાખલ કરવામાં આવશે તેમ આરોગ્ય વિભાગના અગ્ર સચિવ સુશ્રી જયંતિ રવિએ આજે સાંજે પત્રકાર પરિષદમાં જણાવ્યુ હતુ.

તેમણે એવી પણ સ્પષ્ટતા કરી હતી કે હાલ જે હોસ્પિટલોમાં દર્દીઓ દાખલ છે તેમને શિફટ કરવામાં નહિ આવે પરંતુ નવા દર્દીઓ સીધા જ કોવિડ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવશે. સુશ્રી રવિએ જણાવ્યુ હતુ કે રાજ્યમાં આ જે ઝોનકક્ષાએ કોવિડ હોસ્પિટલો તૈયાર કરાઈ છે તેમાં દાખલ કરાયા બાદ જો જરૂર પડશે તો જિલ્લાકક્ષાએ ઉભી થનારી કોવિડ હોસ્પિટલમાં દર્દીઓ દાખલ કરવામાં આવશે.

તેમણે કહ્યુ હતુ કે આજે જે રાજ્યમાં ૧૦૮ દર્દી જે પોઝીટીવ જણાયા છે તે પૈકી ૧૩ને ડિસ્ચાર્જ કરી દેવાયા છે અને ૧૦ના મોત થયા છે. જ્યારે ૮૫ દર્દીઓની હાલત હાલ સ્થિર છે. રાજ્યમાં એક પણ દર્દી વેન્ટીલેટર પર નથી.

તેમણે એમ પણ કહ્યુ હતુ કે રાજ્યમાં હાલ ૨૨૭૬ દર્દીઓના ટેસ્ટ કરવામાં આવ્યા છે અને તે પૈકી ૧૦૮ દર્દી પોઝીટીવ આવ્યા છે જ્યારે ૨૧૫૯ દર્દીના રિપોર્ટ નેગેટીવ આવ્યા છે. નવ દર્દીના રિપોર્ટ આવવાના બાકી છે.

તેમણે જણાવ્યુ હતુ કે જે દર્દીઓ નોંધાયા છે તેમાં ૬૪ દર્દીઓ લોકલ ટ્રાન્સમિશનની હિસ્ટ્રી ધરાવે છે જ્યારે ૩૪ દર્દીઓ વિદેશ પ્રવાસની હિસ્ટ્રી ધરાવે છે ૧૦ દર્દી આંતર રાજ્ય પ્રવાસ કરીને આવ્યા હોવાની હિસ્ટ્રી ધરાવે છે.

ગુજરાતમાં હજુ કોમ્યુનીટી ટ્રાન્સમીશનની વાત નથી પણ સોશિયલ ડિસ્ટન્સ જાળવીએ અને આ સંક્રમણને અટકાવીએ એ અતિ આવશ્યક છે.





**■ કોરોના સામે જીત મેળવનાર દર્દી પિનલબેન અને દાદીની અપીલ ■**

## દેશના કોઈપણ નાગરિકે કોરોનાથી ડરવાની જરૂર નથી.. થોડી સાવચેતી રાખો

**શહેરના બે દર્દીઓને સિવિલ હોસિપટલમાંથી રજા આપવામાં આવી : યુવતિ સહીત ૮૦ વર્ષના દાદીના રીપોર્ટ પણ નેગેટીવ આવતા હવે ૧૪ દિવસ હોમ કોરેન્ટાઇનમાં રખાશે : અમારી સારવાર સિવિલ હોસ્પિટલમાં સારી રીતે થઇ છે : દાદી**

ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં પણ કોરોનાના દર્દીઓની સંખ્યા આજે ૧૩ પર પહોંચી હતી. આજે બે નવા દર્દીઓને કોરોના પોઝિટીવ હોવાનુ ધ્યાને આવતા આ બન્નેને સિવિલ હોસ્પિટલમાં સારવાર આપવામાં આવી રહી છે. જયારે આજે કોરોનાનો રીપોર્ટ નેગેટીવ આવતા સિવિલમાંથી બે દર્દીઓને રજા પણ આપવામાં આવી હતી. જેમાં એક યુવતી પિનલબેન પટેલ અને તેના ૮૦ વર્ષના દાદીનો સમાવેશ થાય છે. કોરાના વાયરસ સામે જીત મેળવનાર મહીલાએ આ તબક્કે જણાંવ્યુ હતુ કે દેશના કોઈપણ નાગરિકે કોરોનાથી ડરવાની જરૂર નથી થોડી સાવચેતી રાખવાની જરૂરિયાત છે. તેમણે ગાંધીનગર સિવિલ હોસિપટલની આરોગ્ય સેવા તેમજ તબીબી સારવારને પણ બિરદાવી હતી.





કોરોના વાયરસથી સંક્રમિત થયેલા પિનલબેન પટેલ તેમજ દાદીને આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે. બન્નેનો રીપોર્ટ નેગેટીવ આવતા તેમને રજા આપી ઘરે મોકલી દેવાયા છે. જયારે આ બન્ને દર્દીઓએ હજુ પણ આગામી ૧૪ દિવસ માટે હોમ કોરેન્ટાઈનમાં રહેવુ પડશે. ગાંધીનગરમાં અત્યાર સુધી કોરોના વાયરસના ૧૩ દર્દીઓ નોંધાયા છે. જયારે આ પૈકી મોટાભાગના એક જ પરિવારના છે. જયારે આજે અન્ય બે દર્દીઓના રીપોર્ટ પોઝિટીવ આવતા તેમનો સારવાર અર્થે સિવિલમાં દાખલ કરાયા છે. ગાંધીનગરમાં કોરોના વાયરસના ૧૧ દર્દીઓ નોંધાયા હતા. જયારે આ પૈકી ૨ સાજા થતા આજે રજા આપી દેવાઈ છે. પરંતુ બે દર્દીઓના રીપોર્ટ પોઝીટીવ આવતા સારવાર લેતા દર્દીઓની સંખ્યા યથાવત છે. જયારે બે નવા દર્દીઓ સાથે અત્યાર સુધીના દર્દીઓનો આંકડો ૧૩ પર પહોંચ્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

## સતત દસ દિવસના લોકડાઉનના પગલે નાગરિકો ઘરમાં રહેવા ટેવાઈ ગયા !!

**એકબાજુ ગરમીના લીધે આમ પણ ઘરની બહાર નિકળવાનુ મુશ્કેલ બન્યુ છે ત્યારે ગરમીની સિઝનમાં નગરજનો લોકડાઉનના લીધે રાહતનો અનુભવ કરી રહ્યા છે : સે-૨૪ શોપિંગ સેન્ટર સહીત ન્યુ ગાંધીનગરના કેટલાક વિસ્તારમાં લોકડાઉન વચ્ચે સોશિયલ ડીસ્ટન્સીંગ જળવાતુ ન હોવાનો આક્રોશ**

ગાંધીનગર તા ૪

શહેરમાં સતત દસ દિવસથી લોકડાઉનની સ્થિતિ છે. ત્યારે આજે સતત દસમાં દિવસે પણ નગરજનો ઘરમાં જ લોકડાઉન રહ્યા હતા. શહેરના મુખ્યમાર્ગો સહીત સેકટરોમાં પણ સન્નાટો રહ્યો હતો. જયારે જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ લેવા માટે પણ નગરજનો સવારે તેમજ સાંજના સમયે નિકળતા સેકટરોના શોપિંગ બજારોમાં સામાન્ય ચહલ પહલ જોવા મળી હતી. બીજીતરફ ગરમી વધતા બપોરના સમયે આમ પણ લોકડાઉનની જડબેસલાક અસર જોવા મળી રહી છે. જયારે છેલ્લા ૧૦ દિવસથી ઘરમાં રહેતા નાગરિકો હવે જાણે ઘરમાં રહેવા ટેવાઈ ગયા હોવાનુ પણ સ્પષ્ટ થાય છે.

શહેરમાં આજે સતત દસમાં દિવસે લોકડાઉન સફળ રહ્યુ હતુ. શહેરના શોપિંગ બજારોમાં જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ખરીદવા માટે નાગરિકોની સામાન્ય અવરજવર જોવા મળી હતી. જયારે નગરના મુખ્યમાર્ગો પર એકલ દોકલ વાહનો પસાર થતા રહ્યા હતા. પરંતુ સેકટરોમાં કોઈઠેકાણે ભીડ જોવા મળી ન હતી. કોરોના વાયરસની મહામારીને માત કરવા માટે સોશિયલ ડીસ્ટન્સીંગ તેમજ ઘરમાં રહેવાની પ્રધાનમંત્રીની અપીલને આમ નાગરિકોએ સ્વીકારી લોકડાઉન વચ્ચે ઘરમાં જ રહેવાનુ પસંદ કરી રહ્યા છે. બીજીતરફ હાલ છેલ્લા ત્રણ ચાર દિવસથી ગરમીનો પારો ઉંચકાયો છે. ત્યારે બપોરના સમયે ચામડીને દાહ આપતી ગરમી વચ્ચે આમ પણ નાગરિકો બહાર નિકળવાનુ પસંદ કરતા નથી. જેના લીધે જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ ખરીદવા માટે સવારે અને સાંજના સમયે જ બહાર નિકળે છે. શહેરના શોપિંગ બજારોમાં પણ જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓ પણ છુટથી મળી રહેતી હોવાથી નાગરિકો પણ આ મામલે કોઈ ચિંતા અનુભવતા નથી.

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com